


**કાયદાનું સરળીકરણ જરૂરી : મોદી**
Page-6



આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬ | ૬ એપ્રિલ, ૨૦૧૫, સોમવાર ; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરને સૌર અને કાર્બન તટસ્થ શહેર બનાવાશે

## રાજ્યના અંદાજપત્રમાં આ અંગે રૂ. ૫ કરોડની વિશેષ ફાળવણી : ૧,૮૫,૦૦૦ લીટર દિવસની ક્ષમતા વાળી સોલાર વોટર હીટીંગ સિસ્ટમ લગાવવામાં આવશે : કાર્યયોજના આખરી કરી દેવામાં આવી છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરને સૌર અને કાર્બન તટસ્થ શહેર તરીકે વિકસાવવાની આખી કાર્યયોજના રાજ્ય સરકારે તૈયાર કરી દીધી છે. આ નાણાંકીય વર્ષના અંત સુધીમાં આ પ્રોજેક્ટ પર કામગીરી કરવા માટે રૂ. પાંચ કરોડની રકમ પણ અંદાજપત્રમાં ફાળવવામાં આવી છે.

રાજ્ય સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર સ્થિત સરકારી અને સરકારી સહાય મેળવતી સંસ્થાઓ અને એકમોમાં કાર્બન ફુટપ્રિન્ટ ઘટાડવાનો ઉદ્દેશ્ય છે.

૨ કિલો વોટથી ૫ કિલો વોટના સોલાર પાવર પેક અને સોલાર વોટર હીટર જેવી પદ્ધતિઓને સરકારી માલિકીની અને સરકારી સહાયવાળી સંસ્થાઓને અને એકમોમાં સ્થાપવામાં આવશે.

ઊર્જા વપરાશ ઘટાડવા માટે ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યક્ષમ તકનીકો અને ઉપકરણો જેમકે CFL, TS, ટ્યુબલાઈટ, LED લાઈટને સરકારી ઈમારોતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ખાસ કરીને સરકારી એન્જીનીયરીંગ મેડીકલ કોલેજોની છાત્રાલયો, નિવાસી આશ્રમશાળા, સરકારી હોસ્પિટલો વગેરેમાં સ્નાન અને અન્ય જરૂરિયાતો માટે ગરમ પાણી પુરૂ પાડવા માટેની ૧,૮૫,૦૦૦ લીટર દિવસની ક્ષમતા વાળી સોલાર વોટર હીટીંગ સિસ્ટમની દરખાસ્તને રાજ્ય સરકારે સ્વીકૃતિ આપી દીધી છે. જેના માટે ૧૦૦ સોલાર વોટર હીટીંગ સિસ્ટમો સ્થાપિત કરવાનું આયોજન છે.

આ ઉપરાંત ગાંધીનગરમાં ઉત્પન્ન થતી સૌર ઊર્જા માટે બેટરી બેંક પણ ઉભી કરવાનું આયોજન વિચારાધીન છે.

ગાંધીનગર શહેરને સોલારસીટી તરીકે વિકસાવવાનું સ્થાન હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ શહેરના સ્થાપના દિનની ઉજવણી દરમ્યાન વ્યક્ત કર્યું હતું.

આ પછી સરકારે સોલાર સીટી બનાવવા અનેકવિધ પગલાં લીધા છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

કેસૂડાના ફુલ - કેસૂડાના ફુલ ફાગણના આગમન સાથે બજારમાં આવે છે અને ઉનાળાના ચારેય મહિના તેની બોલબાલા રહે છે... ગરમીમાં ઠંડક મેળવવા કેસૂડાના ફુલથી સ્નાન આરોગ્યવર્ધક છે અને સાથોસાથ ગરમી સામે રક્ષણ પણ આપે છે... કેસૂડો અનેક રીતે આપણા વનસ્પતિ શાસ્ત્ર સાથે ઓતપ્રોત છે... ફાગણ, ચૈત્ર અને વૈશાખ આ ત્રણેય મહિના જાહેર માર્ગો પર કેસૂડાના વેચાણ કેન્દ્રો ધમધમે છે... શ્રમજીવી પરિવારો કેસૂડો એકત્ર કરી માર્ગો પર વેચી પેટીયું રળે છે... શ્રમજીવીને આજીવિકા આપતા પરંપરાગત વ્યવસાયને પ્રોત્સાહિત કરવાની તાતી જરૂરિયાત છે.

# જિલ્લામાં ભાજપ સ્થાપના દિન ઉજવાશે

## આજે જિલ્લા ભાજપ દ્વારા પંચાયતની બેઠક દીઠ સંમેલનો યોજવામાં આવશે : સંમેલનોમાં સરકારની ઉપલબ્ધિઓથી સૌને વાકેફ કરાશે

ગાંધીનગર, તા. ૫

ભારતીય જનતા પક્ષના જિલ્લા એકમ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી અંગે પંચાયતની બેઠક દીઠ સંમેલનો યોજી કાર્યકર્તાઓને જાગૃત કરવાનું અભિયાન હાથ ધરાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સીટવાર આ સંમેલનોમાં જિલ્લાના પદાધિકારીઓ અને હોદ્દેદારો હાજરી આપશે તેમજ જુના કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવશે. આ સંમેલનોમાં સરકાર દ્વારા વિકાસના કરાયેલા કામો અને નવા નિર્ણયોની જાણકારી આપવામાં આવશે.

જિલ્લામાં એક સાથે ૨૭ જેટલા સ્થળોએ યોજાનારા આ સંમેલનોના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

કાર્યકર્તાઓ સાથે સરકારના મહત્વના પગલાંઓ અંગે પહેલીવાર ચર્ચાઓ થશે એટલુ જ નહિ આ સંમેલનોમાં પક્ષના રિસાયેલાઓને સન્માનપૂર્વક મનાવી લેવાનું અભિયાન છે.

રાજકીય વર્તુળોાં થતી ચર્ચા મુજબ પંચાયતોની આવી રહેલી ચૂંટણીઓને લક્ષમાં રાખી આ પ્રકારના સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ભારત અને ગુજરાત સરકારની ઉપલબ્ધિઓ વિશે વાતચીત કરાશે તેમજ ખાસ કરીને રાજ્ય સરકારે પ્રથમ વખત એક જ વર્ષમાં ખેડૂતો માટે ત્રણ તબક્કે અલગ-અલગ રાહત પેકેજો જાહેર કર્યા છે તે વાત કરી ગ્રામીણ મતદારો સાથેનો નાતો વધુ ગાઢ બનાવવામાં આવશે.



# ગુજરાત બલ્ક પાઈપલાઈન ખુલ્લી મુકાઈ

## મુખ્યમંત્રી દ્વારા સુરેન્દ્રનગરના ઢાંકી ખાતે બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ કરાયું : ૫૫૮૭ ગામ તેમજ ૧૧૬ શહેરોને પીવાનું પાણી મળશે, સૌપ્રથમ પાઈપલાઈનની માટે ૭૫ મીટર પાણી ઊંચકાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરેન્દ્રનગરના ઢાંકી ખાતે સ્વર્ણિમ ગુજરાત બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ કર્યું હતું. અંદાજે ૨૫૦૦ કરોડના ખર્ચે ત્રણ પાઈપલાઈન દ્વારા જંગી જથ્થામાં પાણીનું ઉદ્વહન કરવામાં આવશે. સૌરાષ્ટ્ર કચ્છના લોકોની પીવાના પાણીની મુશ્કેલીને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ઢાંકી પમ્પીંગ સ્ટેશન ખાતે પાણી પુરવઠા વિભાગ હસ્તકની નર્મદા કેનાલ આધારીત સ્વર્ણિમ ગુજરાત બલ્ક પાઈપલાઈન યોજના અંતર્ગત અંદાજિત રૂપિયા ૨૫૦૦ કરોડના ખર્ચે ત્રણ નવા પમ્પીંગ સ્ટેશનો બનાવી સૌરાષ્ટ્ર-કચ્છના લોકો સુધી બલ્ક પાઈપલાઈન મારફત પીવાનું પાણી પહોંચાડવાનું આયોજનબધ્ધ કાર્ય કરવામાં આવ્યું હતું. જેનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે ઢાંકી ખાતેથી લોકાર્પણ કર્યું હતું. આનંદીબેન પટેલે લોકાર્પણ કર્યુ ત્યારે તેમની સાથે મોટી સંખ્યામાં ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારોને પીવાનું પાણી પુરુ પાડવા માટે સરોવર યોજનાની કેનાલ મારફત જુદા-જુદા ઓફટેક ઉપરથી પાણી મેળવી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. હાલમાં સરેરાશ ૧૫૦ કરોડ લીટર પાણી સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, પંચમહાલ, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોને વિતરણ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા અંદાજીત રૂપિયા ૨૫૦૦ કરોડના ખર્ચે સ્વર્ણિય ગુજરાત સૌરાષ્ટ્ર-કચ્છ વોટર ગ્રીડ યોજના અમલમાં મૂકી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારોને પુરતુ પાણી મળી રહે તે માટે નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર લખતર તાલુકાનાં ઢાંકી પાસે ૩ મોટા પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે અને તેમાંથી ૩ બલ્ક પાઈપલાઈનો નાંખવામાં આવી છે. જે પૈકી ઢાંકી થી ખીરાઈ (માળિયા) સુધીની ૧૨૦.૫૦ કિ.મી લંબાઈની, ઢાંકી થી હડાળા (રોજકોટ) સુધીની ૧૪૬.૧૦ કિ.મી લંબાઈની અને ઢાંકી થી નાવડા (બરવાળા) સુધીની ૯૪.૫૦ કિ.મી લંબાઈની છે. ઢાંકી ખાતે બનાવવામાં આવેલ આ ત્રણ પમ્પીંગ સ્ટેશનમાંથી દૈનિક ૧૬૫ કરોડ લીટર પાણીનો જથ્થો આપી શકાય તેવી ક્ષમતા ઉભી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૩૬૧ કિ.મી લંબાઈની પાઈપલાઈન દ્વારા ઢાંકી ખાતેથી પમ્પીંગ કરી સૌરાષ્ટ્ર વિવિધ જિલ્લાઓના ૪૭૧૦ ગામો અને ૧૦૨ શહેરો તથા કચ્છ જિલ્લાના ૮૭૭ ગામો અને ૧૪ શહેરોની કુલ ૧૭૫ લાથથી વધુ વસ્તીને ૧૬૫ કરોડ લીટર નર્મદાનું પાણી દૈનિક ધોરણે અપાશે.

# ગુજકોકના વિરોધમાં આજે કોંગ્રેસ રાજ્યપાલને આવેદન-પત્ર આપશે

ગાંધીનગર, તા. ૫

આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી તથા વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના નેતૃત્વમાં કોંગ્રેસના સિનીયર નેતાઓનું પ્રતિનિધિ મંડળ રાજ્યપાલશ્રીને મળશે.

ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલ ગુજકોક બિલને મંજૂરી નહિ આપવા, રાજ્યની કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સહિત સરકારની નિષ્ફળતાઓ અંગે આવેદન-પત્ર આપી રજુઆત કરશે.

બપોરે ૧ વાગે રાજ્યના રાજ્યપાલશ્રીને મળવા પ્રતિનિધિમંડળ રાજભવન ખાતે પહોંચશે.

રાજ્યમાં રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રથમવાર આવેદન-પત્ર આપવામાં આવી રહેલ છે.

કોંગ્રેસ પક્ષે વિધાનસભામાં વિપક્ષને થયેલ અન્યાય અંગે પણ વાતચીત કરશે તેમ મનાઈ રહ્યું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી દિવસોમાં ગુજકોકના વિરોધમાં રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન પણ કરાય તેવી શક્યતાઓ છે.

# ગુજરાતમાં બટાકાનુ બમ્પર ઉત્પાદન

## ગુજરાતની બહાર બટાકા મોકલવાની શરૂઆત : ગુજરાતમાં બટાકાનું ઉત્પાદન આ વખતે વધારે હેક્ટર વિસ્તારમાં કરવામાં આવતા જંગી ઉત્પાદન

અમદાવાદ,તા. ૫

ગુજરાતમાં આ વર્ષે બટાકાનુ બમ્પર ઉત્પાદન થતા મોટી રાહત થઈ છે. જંગી ઉત્પાદનના કારણે ગુજરાત સરકાર બટાકાની નિકાસ માટે કેટલીક રાહત આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રાજ્યમાં બટાકાનુ જંગી ઉત્પાદન થયા બાદ હવે બટાકાના પરિવહન માટે રૂપિયા ૭૫૦ પ્રતિ મેટ્રિક ટન સબસિડી આપનાર છે. જ્યારે રેલવે દ્વારા પરિવહન માટે રૂપિયા ૧૧૫૦ પ્રતિ મેટ્રિક ટન સબસિડી આપી રહી છે. રાજ્યમાં બટાકાનુ જંગી ઉત્પાદન થતા સરકારને મોટી રાહત થઈ થે, સરકારે સત્તાવાર માહિતી આપતા કહ્યું હતું કે બટાકાની વાવણી સામાન્ય રીતે ૭૫૦૦૦ હેક્ટરથી ૮૦૦૦૦ હેક્ટર વિસ્તારમાં કરવામાં આવી હતી. જ્યારે ઉત્પાદન સરેરાશ ૨૩થી ૨૫ લાખ મેટ્રિક ટન રહ્યું હતુ. આ વર્ષે વાવણી ૯૮૦૦૦હેક્ટર વિસ્તારમાં કરવામાં આવી હતી. ૩૩ ટકા વધારે ક્ષેત્રમાં વાણી કરવામાં આવી હતી. જેનો સીધો લાભ થયો છે. વધારે પ્રમાણમાં બટાકાનુ ઉત્પાદન થયુ છે. વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં વધારે છે. પ્રધાન બાબુભાઈ બોખરીયા કહી ચુક્યા છે કે, બટાકાનું ઉત્પાદન સરેરાશ ૨૦૧૪ની સરખામણીમાં વધારે રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે હવે ગુજરાતની બહાર બટાકાને મોકલવા માટે પણ સબ્સિડી ઓફર કરવામાં આવી રહી છે. માર્ગ મારફતે બટાકાના પરિવહન માટે ૭૫૦ રુપિયાની સબ્સિડી પુરી પાડવામાં આવી રહી છે.



સરકાર રાજ્યની બહાર બટાકાની નિકાસ કરવા માટે પરિવહન પર સબસિડી આપી રહી છે. ગુજરાત વિધાનસભામાં હાલમાં આ અંગેની માહિતી પણ સરકાર દ્વારા આપવામાં આવી હતી. સરકાર માર્ગ મારફતે

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...



bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર